## સારાંશ (Abstract)

# જેન્ડર આધારિત હિંસા નિવારવામાં સ્વૈચ્છિક સંસ્થાની ભૂમિકા

ડૉ. ધર્મિષ્ઠા પી. કરડાણી

સ્ત્રીઓ પરની હિંસા માનવ અધિકારનો ભંગ છે. સ્ત્રી એ સ્ત્રી છે, અબળા છે. એમ ગણી એના પર જોહુકમી ચલાવવામાં આવે, ત્રાસ પહોંચાડવામાં આવે, સત્તા દ્વારા દબાવી દેવામાં આવે એની નબળાઈનો લાભ લેવામાં આવે આ બધી બાબતો જેન્ડર આધારિત હિંસા ગણવામાં આવે છે. જે ગંભીર સમસ્યા છે. જે માટે સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો સવિશેષ રહ્યો છે. જે બહેનોને જાગ્રત કરી હિંસામુક્ત બનાવવાના પ્રયત્નો કરે છે.

પ્રસ્તુત સંશોધન પેપર એમ.એ.ના શોધ નિબંધ પર આધારિત છે. જેનો મુખ્ય હેતુ સ્ત્રીઓ પર થતી હિંસા નિવારવામાં સ્વૈચ્છિક સંસ્થાની શી ભૂમિકા છે તે તપાસવાનો છે. આ સંશોધન ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ સંસ્થાનો છે જે ૧૦ વર્ષથી બહેનોના વિકાસ માટે કાર્યરત છે. જેમાં ક્ષેત્રકાર્ય દ્વારા મુલાકાત અનુસૂચિ અને નિરીક્ષણ પ્રયુક્તિ દ્વારા આ સંસ્થામાં આવતા લાભાર્થીઓની વિગતો પ્રસ્તુત અભ્યાસમાં દર્શાવી છે.

પ્રસ્તુત સંશોધન પેપરને પાંચ ભાગમાં વિભાજીત કર્યું છે.જેમાં પહેલો વિભાગ જેન્ડર આધારિત હિંસાની ચર્ચા કરી છે. બીજા વિભાગમાં ગુજરાત સ્ત્રી કેળવણી મંડળની ભૂમિકા, ત્રીજા વિભાગમાં લાભાર્થીઓની પ્રાથમિક માહિતી, ચોથા વિભાગમાં જેન્ડર આધારિત હિંસાના કારમો, નિવારણની ચર્ચા કરી છે અને પાંચમાં વિભાગમાં અભ્યાસના મુખ્ય તારણો દર્શાવ્યા છે.

ચાવીરૂપ શબ્દો : જેન્ડર, જેન્ડર આધારિત હિંસા, સ્વૈચ્છિક સંસ્થા.

**પ્રસ્તાવના :**

ભારતમાં સમયની સાથે અનેકવિધ માનવસમાજમાં સ્ત્રીઓના જીવનને લગતી સમસ્યાઓ પેદા થઈ છે જે ઘણા સમયથી આપણી સમાજિક એકતા અને રાષ્ટ્રીયતાને છિન્નભિન્ન કરી નાખે છે. સમાજમાં તે વ્યાપક રીતે પ્રસરલી જોવા મળે છે. સ્ત્રીઓના શોષણ સંબંધી સમસ્યા પૈકી કૌટુંબિક હિંસા ગંભીર સમસ્યા છે.

સ્ત્રીઓ પરની હિંસા માનવહક્ક વિરુદ્ધનો અત્યાચાર છે. આ એવું કૃત્ય જે લિંગ આધારિત હોય.હિંસક હોય જેના પરિણામે શારીરિક, જાતીય અથવા માનસિક ઈજા અથવા દુ:ખ સ્ત્રીઓને પહોંચે અથવા તેને કારણે એમ થવા સંભવ હોય. વધુમાં જોઈએ તો સ્ત્રી વિરુદ્ધ અત્યાચારમાં એવા કૃત્ય કરવાની ધમકી આપવામાં આવે, દબાણ કરવામાં આવે, એકતરફી રીતે તેણીને મુક્ત રીતે કામકાજ કરવા દેવાની છૂટ લઈ લેવામાં આવે તે જાહેરમાં બને કે અંગત જીવનમાં બને તો તે પણ જેન્ડર આધારિત હિંસા છે. આમ આવા પ્રકારની હિંસાના અટકાયત માટે સરકાર સાથે સાથે સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો સવિશેષ રહ્યો છે જે સ્ત્રીઓના વિકાસ માટે મહત્વના કાર્યો કરે છે.

પ્રસ્તુત સંશોધન એમ.એ. શોધ નિબંધના એક ભાગરૂપ છે. જેના વિવિધ પાંસા પૈકી સ્વૈચ્છિક સંસ્થાની (ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ) સ્ત્રીઓ પર થતા અત્યાચાર નિવારવામાં શી ભૂમિકા છે જે અંગેનો અહીં અભ્યાસ રજૂ કર્યો છે.

**જેન્ડર :**

જેન્ડર એટલે પુરુષત્વ અને સ્ત્રીત્વ જેમાં પુરુષત્વ સ્ત્રીત્વની ઓળખની સમજૂતી આપવા માટે એક વિશ્લેષણાત્મક વિભાવના તરકે જેન્ડરને ઓળખવામાં આવે છે.

**જેન્ડર આધારિત હિંસા :**

સ્ત્રીઓ પરની હિંસા માનવ અધિકારનો ભંગ છે. સ્ત્રી એ સ્ત્રી છે અબળા છે એમ ગણી એના પર જોહુકમી ચલાવવામાં આવે, ત્રાસ પહોંચાડવામાં આવે, સત્તા દ્વારા દબાવી દેવામાં આવે, એની નબળાઈનો લાભ લેવામાં આવે. આ બધી બાબતોને જેન્ડર આધારિત હિંસા ગણવામાં આવે છે.

**સ્વૈચ્છિક સંસ્થા :**

સ્વૈચ્છક સંગઠનોને – બિનસરકારી સંગઠનો કે Non-Government Organization (N.G.O.) કહેવામાં આવે છે. જે સુસંસ્કૃત સમાજની રચનામાં મહત્વનો ભાગ ભજવે છે.

**સંશોધન યોજના પદ્ધતિ :**

પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક માહિતી અને ગૌણ માહિતી પર આધારિત છે. જેમાં મુલાકાત અનુસૂચિ, નિરીક્ષણ, પ્રશ્નાવલિ, કેસ સ્ટડી, પ્રયુક્તિનો ઉપયોગ દ્વારા 179 સ્વૈચ્છિક સંસ્થાના લાભાર્થીઓ પાસેથી માહિતી એકત્ર કરી છે અને કર્મશીલ બહેનો જેઓ આ સંસ્થાના છે. તેઓને પ્રશ્નાવલિ પ્રયુક્તિ દ્વારા અને 10 કેસ સ્ટડી પ્રયુક્તિનો પણ માહિતી એકત્ર કરવા માટે ઉપયોગ કર્યો છે.

પ્રસ્તુત સંશોધન પેપરમાં જેન્ડર આધારિત હિંસા, ઉત્તરદાતાઓની પ્રાથમિક માહિતી, ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ સંસ્થાની ભૂમિકા, હિંસાના કારણો, નિવારણ વગેરેને તપાસ્યા છે.

**ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ :**

ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે અને સામાજિક ક્ષેત્રે કાર્ય કરતી જાહે સંસ્થાઓમાં ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ એ સૌથી પીઠ જાહેર સંસ્થા છે. જેની સ્થાપના ઈસ.1917માં થઈ. આ મંડળે સમગ્ર ગુજરાતમાં શિક્ષણના બીજા રોપ્યા. સ્ત્રીઓના વિકાસ માટે મહત્વની ભૂમિકા ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ ભજવે છે. આ સંસ્થામાં કુટુંબ સલાહ કેન્દ્ર, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર, કુદરતી અને માનવસર્જિત આપત્તિ સહાય, સ્વાસ્થ્ય સેવા કેન્દ્ર, સ્ત્રીઓનું સન્માન જેવી સામાજિક પ્રવૃત્તિઓ યોજાય છે.

પ્રસ્તુત સ્વૈચ્છિક સંસ્થામાં આવતા લાભાર્થીઓના જાતિ, વયજૂથ, ધર્મ, જ્ઞાતિ, શિક્ષણ વિષયક માહિતી મેળવી છે જે તપાસતા....

| ક્રમ | વિગત | ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|---|---|
| 1 | લાભાર્થીઓની જાતિ | 1 | ભાઈઓ | 61 | 34.07 |
| | | 2 | બહેનો | 118 | 65.92 |
| | | | કુલ | 179 | 100 |
| 2 | લાભાર્થીઓનું વયજૂથ | 1 | 18 થી નીચે | 03 | 1.67 |
| | | 2 | 19 થી 25 | 45 | 25.13 |
| | | 3 | 26 થી 30 | 39 | 21.78 |
| | | 4 | 31 થી 35 | 34 | 18.99 |
| | | 5 | 36 થી 40 | 19 | 10.61 |
| | | 6 | 41 થી વધુ | 39 | 21.78 |
| | | | કુલ | 179 | 100 |
| 3 | લાભાર્થીઓની જ્ઞાતિ | 1 | સવર્ણ | 23 | 12.84 |
| | | 2 | અનુસૂચિત જાતિ | 27 | 15.09 |
| | | 3 | અનુસૂચિત જનજાતિ | 01 | 0.55 |
| | | 4 | પછાત સમૂહો | 102 | 56.98 |
| | | 5 | સામાજિક શૈક્ષણિક પછાત | 26 | 14.52 |
| | | | કુલ | 179 | 100 |
| 4 | લાભાર્થીઓનું શિક્ષણ | 1 | અશિક્ષિત | 42 | 23.46 |
| | | 2 | લખતા-વાંચવાની જાણકારી | 09 | 5.02 |
| | | 3 | પ્રાથમિક | 46 | 25.69 |
| | | 4 | માધ્યમિક | 47 | 26.25 |
| | | 5 | ઉચ્ચતર માધ્યમિક | 09 | 5.02 |
| | | 6 | સ્નાતક | 09 | 5.02 |
| | | 7 | અનુસ્નાતક | 17 | 9.49 |
| | | | કુલ | 179 | 100 |

ઉપર્યુક્ત ટેબલ પરથી જોતા લાભાર્થીઓની જાતિ તપાસતા મોટાભાગનાં લાભાર્થીઓ સ્ત્રીઓ જોવા મળે છે અને લાભાર્થીઓનું વયજૂથ જોતા 19 થી 30 વર્ષની વયજૂથના 25% લાભાર્થીઓ છે. જ્યારે 41 થી વધુ વયજૂથ ધરાવતા 21.78% લાભાર્થીઓ છે.

લાભાર્થીઓની જ્ઞાતિ વિશે માહિતી મેળવતા પછાત સમૂહોમાંના લાભાર્થીઓ મહત્તમ છે અને તેઓનું શિક્ષણ તપાસતા મોટાભાગના લાભાર્થીઓ પ્રાથમિક માધ્યમિક કક્ષાનું શિક્ષણ મેળવ્યું છે અને 23.46 ટકા લાભાર્થીઓ અશિક્ષિત છે.

એટલે કે આ સ્વૈચ્છિક સંસ્થામાં પોતાની સમસ્યાઓ લઈને આવતા લાભાર્થીઓમાં મોટાભાગે અશિક્ષિત અથવા ઓછું શિક્ષણ મેળવ્યું છે અને યુવાન વય અને પ્રૌઢ અવસ્થામાં આવા પ્રકારની સમસ્યાઓ વધુ જોવા મળે છે અને જેમાં પણ બહેનોમાં વધારે જોવા મળે છે.

**લાભાર્થીઓ પર કૌટુંબિક હિંસાના કારણો :**

પ્રસ્તુત સ્વૈચ્છિક સંસ્થામાં લાભાર્થીઓ પર કયા પ્રકારની કૌટુંબિક હિંસાઓ થતી જોવા મળે છે તેના માટે કયા કારણો જવાબદાર છે જે વિશે જોતા

**લાભાર્થીઓ પર કૌટુંબિક હિંસાના કારણો :**

| ક્રમ | વિગત | હા | ટકા | ના | ટકા | કુલ |
|---|---|---|---|---|---|---|
| 1 | કુટેવો | 33 | 18.43 | 146 | 81.56 | 179 |
| 2 | લગ્નેતર સંબંધ | 19 | 10.61 | 160 | 89.38 | 179 |
| 3 | વ્યક્તિગત કારણો | 163 | 91.06 | 16 | 8.93 | 179 |
| 4 | જાતીયજીવન | 12 | 6.70 | 167 | 93.29 | 179 |
| 5 | આર્થિક | 65 | 36.31 | 114 | 63.68 | 179 |
| 6 | કૌટુંબિક | 163 | 91.06 | 16 | 08.93 | 179 |
| 7 | સામાજિક સાંસ્કૃતિક | 78 | 43.57 | 104 | 56.45 | 179 |

ઉપર્યુક્ત ટેબલ દ્વારા જોઈએ તો લાભાર્થીઓને કૌટુંબિક હિંસા માટેના અનેકવિધ કારણો છે. જેમાં તેઓને કુટેવો, લગ્નેતર સંબધ, આર્થિક, વ્યક્તિગત કૌટુંબિક કારણો જોવા મળ્યા છે. તેમાંથી લાભાર્થીઓમાં વ્યક્તિગત, કૌટુંબિક, કારણો જે હિંસાના કારણ તરીકે વધારે જોવા મળે છે. જે હિંસાના કારણ તરીકે વધારે જોવા મળે છે.

Research Guru Volume-11 Issue-1 (June-2017) (ISSN:2349-266X)
PP-105 To 112

**જેન્ડર આધારિત હિંસા નિવારવામાં સ્વૈચ્છિક સંસ્થાની ભૂમિકા :**

ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ સ્ત્રીઓની સમસ્યા નિવારણ અને સ્ત્રી જાગૃતિના કાર્યક્રમોમાં અગ્રગણ્ય રહી છે. આ સંસ્થામાં અનેકવિધ લાભાર્તીઓ પોતાની સમસ્યાઓ લઈને આવે છે. જેમાં છેલ્લા સાત વર્ષોમાં આવેલા કેસોના પ્રકાર અંગે માહિતી મેળવતા...

## 2004 થી 2011 સુધીમાં આવેલા કેસોના પ્રકાર

| ક્રમ | કેસનો પ્રકાર | 2004 થી 2005 | 2005 થી 2006 | 2006 થી 2007 | 2007 થી 2008 | 2008 થી 2009 | 2009 થી 2010 | 2010 થી 2011 | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | શારીરિક માનસિક ત્રાસ | 43 | 60 | 66 | 65 | 72 | 87 | 124 | 517 |
| 2 | માતા-પિતા અને સાસરિયાની દાખલને અંદાજી દખલ અંદાજીની કારણ | 29 | 44 | 41 | 20 | 15 | 15 | 13 | 177 |
| 3 | અનૈતિક સંબંધ | 10 | 11 | 09 | 12 | 10 | 14 | 12 | 78 |
| 4 | વ્યક્તિમતાનો તફાવત | 10 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| 5 | દારૂના વ્યસનને કારણે | 11 | 16 | 11 | 31 | 28 | 20 | 14 | 131 |
| 6 | આર્થિક સમસ્યા સંબંધી | 06 | 14 | 07 | 14 | 17 | 06 | 15 | 79 |
| 7 | દહેજના કારણે | 06 | 11 | 13 | 12 | 10 | 07 | 6 | 65 |
| 8 | મિલ્કત સંબંધી | 01 | 13 | 02 | 03 | 09 | 06 | 04 | 38 |
| 9 | અપહરણ બાબત | 04 | 06 | 01 | 02 | 04 | 00 | 02 | 19 |
| 10 | અપમૃત્યુ સંબંધી | 02 | 01 | 01 | 01 | 02 | 01 | 01 | 09 |
| 11 | લગ્નસંબંધી | 02 | 00 | 03 | 00 | 01 | 01 | 00 | 07 |
| 12 | બળાત્કાર સંબંધી | 01 | 00 | 02 | 01 | 01 | 01 | 02 | 08 |
| 13 | બાળકના પજેશન સંબંધી | 00 | 00 | 02 | 00 | 04 | 01 | 07 | 14 |
| 14 | છેતરપીંડીથી લગ્નસંબંધી | 00 | 00 | 00 | 01 | 01 | 01 | 03 | 06 |
| 15 | આશ્રય બાબત | 00 | 00 | 00 | 01 | 01 | 01 | 01 | 04 |
| 16 | છેતરપિંડીથી છૂટાછેડા લેવા બાબત | 00 | 00 | 00 | 00 | 02 | 00 | 01 | 03 |
| 17 | કાનૂની સહાય બાબત | 00 | 00 | 00 | 00 | 01 | 03 | 04 | 08 |
| 18 | જાતીય શોષણ સંબંધી | 00 | 00 | 00 | 00 | 01 | 01 | 01 | 02 |
| 19 | જાતીયશોષણ સતામણી સંબંધી | 00 | 0 | 00 | 00 | 00 | 01 | 01 | 02 |
| | કુલ | 125 | 176 | 158 | 163 | 179 | 166 | 210 | 1177 |

ઉપર્યુક્ત ટેબલ પરથી જોતા ગુજરાત સ્ત્રી કેળવણી મંડળમાં છેલ્લા સાત વર્ષમાં 1177 કેસો આવેલા છે અને જે કેસના નિવારણ માટે હતા સંસ્થાએ અથાગ પ્રયત્નો કર્યા છે અને તે સ્ત્રી કલ્યાણ અંગે તેઓની સમસ્યાઓ નિવારણ માટે અનેક પ્રયત્નો કરી રહી છે.

ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ સંસ્થા ઉપર્યુક્ત આવેલ કેસોને સલાહ માર્ગદર્શન, સમાધાન, છૂટાછેડા, કોર્ટમેટર, ડ્રોપાઉટ દ્વારા પૂર્ણ કરે છે અને લાભાર્થીઓની સમસ્યાઓનું નિરાકરણ લાવે છે.

અર્થાત્ ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ સંસ્થા કૌટુંબિક હિંસાનો ભોગ બનેલ વ્યક્તિઓ માટે અચકાચતથી માંડીને પુનઃસ્થાપન સુધી સહાયરૂપ બને છે

## તારણો :

- આ સંસ્થામાં એક વર્ષમાં પ્રાપ્ત કુલ 179 કેસો છે જેના 61 ભાઇઓ અને 118 બહેનો છે જેમાં 18 વર્ષથી 41 વયજૂથ ધરાવતા લાભાર્થીઓ જોવા મળે છે.
- અભ્યાસમાં સવર્ણથી માંડીને સામાજિક શૈક્ષણિક રીતે પછાત એવા બધા જ જ્ઞાતિના લાભાર્થીઓ આવેલા છે.
- આ લાભાર્થીઓમાં 25 ટકા લખવા વાચવાની જાણકારી ધરાવતા ઉત્તરદાતાઓ છે. જ્યારે સ્નાતક-અનુસ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ મેળવ્યું હોય તેવા લાભાર્થીઓ 15 ટકા જ જોવા મળે છે.
- કૌટુંબિક હિંસાના કારણોમાં લાભાર્થીઓ વ્યક્તિગત કારણો, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક કારણોને જવાબદાર ગણાવે છે.
- ગુજરાત સ્ત્રી કેળવણી મંડળમાં છેલ્લા સાત વર્ષમાં 1177 કેસો આવેલ છે. જે સલાહ માર્ગદર્શન, સમાધાન, છૂટાછેડા, ડ્રોપાઉટ, કોર્ટમેટર દ્વારા લાભાર્થીઓની સમસ્યાનું સમાધાન લાવે છે.
- પ્રસ્તુત સંશોધન અભ્યાસ પરથી ફલિત થાય છે કે સરકારની સાથે સ્વૈચ્છિક સંસ્થાઓ પણ સ્ત્રીઓના વિકાસ ક્ષેત્રે ઉત્તમ જાગૃતિના કાર્યો કરે છે.

## સંદર્ભસૂચિ


1. B. A.Panday, "Women Organizations and Development", Research Publication, Jaipur-1990.
2. Chaudhari Maitrayee, "Indian Women's movement reform and revival", 1993, Raidant Publishers, New Delhi.
3. Desahi Neera & M. Krishnaraj (1987), "Women and Society in India", Ajanta Publishers, New Delhi.
4. Mathey P. M. and M. S. Nair (1986), "Women Organizations and women's Interests", Ashish Pub House, New Delhi.
5. Dr. Ahuja Ram, "Crime Against Women", Rawat Publication, Jaipur, 1987.
6. Prof. Gangula, "Violence in the Family : An Objective Analysis", In Girl Child and Family Violence Ed. By Kapur Promilla Har Anand Publication, New Delhi-17, 1993.
7. Sriram, "Family Violence Against Rajalaxmi Married Women", And Jean : Review of A Study on NJER Kamau Violence Against Women. Violence Against Women and Women's Human Rights. IPPF Discussion Paper ISSU Two, P.7 to 9.
8. ડૉ.ધુમનબહેન દીવાનજી, ડૉ. પ્રીતિ શાહ, ડૉ.ચંદ્રિકા રાવલ (સં.) (1997), "સ્ત્રી સિદ્ધિના સોપાનો", પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ.
9. નીરા દેસાઈ (1994), "ભારતીય સમાજમાં સ્ત્રી જીવન", આર. આર. શેઠ, મુંબઈ.
10. એમ. બી. દવે (અનુ.) (1997), "ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓ", સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, સુરત.
11. ડૉ.શૈલજા ધ્રુવ (2002) "ઉદગારો વેદનાના". પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ.
12. શિરીન મહેતા (એપ્રિલ 1994), "ગુજરાતની પ્રથમ મહિલા સંસ્થા", સામીપ્ય પૃ.63 થી 68, ગુજરાત લેડીઝ કલબ-અમદાવાદ.
13. સુદર્શન આયંગર (પર્યાય, અંક-2, જુલાઈ-ડિસેમ્બર-1994) એકવીસમી સદીની પૂર્વ સંધ્યાએ ગુજરાતમાં સ્વૈચ્છિક સંસ્થાઓના લેખાજોખા", પૃ.32-40 અમદાવાદ.